- ચિત્ર દ્વારા વાર્તા કહી સંભળાવી અને તેમાંથી વાર્તા પરથી પ્રશ્નોતરી કરી બાળકોના જ્ઞાનની ચકાસણી કરવામાં આવી.
- અભિનય સાથેની વાર્તા બાળકોને ખુબ જ રસપ્રદ લાગી હતી જેમાંબાળકો ખુબ જ ઉત્સુકતાથી જોતા અને સંભાળતા જોવા મળ્યા.

**પરિણામ :** પંચતંત્રની વાર્તાઓનું બાળકો પર ખુબ જ અસરકારક પરિણામ જોવા મળ્યુ જેમકે,

(૧) **વર્તનમાં બદલાવ :** બાળકો વાર્તામાંથી મળેલ બોધ આધારે સારાનરસા કામની ઓળખ કરતા શીખે છે અને ખોટુ ન કરવાની કોશિશ કરે છે.

(૨) **મિત્રતા અને સહકાર :** બાળકો બે બિલાડી અને વાંદરા જેવી પંચતંત્રની વાર્તા દ્વારા જીવનમાં સહકારની ભાવના કેળવવા લાગ્યા અને પોતાના મિત્રો સાથે ચર્ચા કરી સમસ્યાનુ સમાધાન મેળવવાની ભાવના ઉત્પન્ન થયેલ હોવાનું જણાયુ.

(૩) **નૈતિક મુલ્યો :** બાળકોમાં અલગ-અલગ પંચતંત્રની વાર્તાઓ સાંભળ્યા બાદ એકાગ્રતા, સહકાર, સત્ય બોલવું, એકબીજાને મદદ કરવી, આત્મવિશ્વાસ કેળવવો તથા મુશ્કેલ પરિસ્થિતિમાં બુધ્ધિ (ચતુરાઇ)થી કામ લેવુ જેવા ગુણોનો વિકાસ થયેલ હોવાનું જણાયેલ છે.

(૪) **અભ્યાસ પ્રત્યે રસ :** પંચતંત્રની અલગ-અલગ વાર્તાઓ રસપ્રદ હોવાથી બાળકોને અભ્યાસમાં પણ મજા આવે છે. અને તેમના વાંચન લેખનનો પણ રસ વધવા લાગેલ હોવાનું જણાય છે. વિકાસ થયેલ હોવાનું જણાયેલ છે.

આમ, પંચતંત્રની વાર્તાઓ બાળકોમાં સંસ્કાર નૈતિકતા, સમજદારી અને સમાજમાં યોગ્ય રીતે વર્તન કરવાના મુલ્યોનું જ્ઞાન આપે છે અને યોગ્ય રીતે સાંસારીક જીવન જીવવા માટેની પ્રેરણા પુરી પાડે છે.

**અવલોકન :**

- પંચતંત્રની વાર્તાઓ ઉપરથી બાળકોમાં જોવા મળતા અવલોકન અને ફેરફાર.
- આમ, બાળકોમાં રસ, પ્રશ્ન પુછવાની ટેવ, નૈતિકતા, સમજવાની ક્ષમતા અને રોજીદા વર્તનમાં ફેરફાર જોવા મળે છે.

---



## વિષય : વાલીઓ વચ્ચે ઉદ્ભવતી સમસ્યાઓ અને ઉપાયો

**પટેલ અવનિ રુદ્રમકુમાર**
(પૂ.પ્રા.વિ.-ગુ.મા.)

**પ્રસ્તાવના : "શિક્ષણ એક જીવંત ક્ષણનું જ્ઞાન પૂરું કરે છે."**

- "શિક્ષક એવી વ્યકિત હોય છે. જે કોઈ વ્યકિતને અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય છે."
- આધુનિક યુગમાં બાળકો માટે ભણતર ખૂબ જ મહત્વ પાયો છે. જ્ઞાનના આધારે વ્યકિત જીવનમાં યોગ્ય નિર્ણય લઈ શકે છે.
- શિક્ષણ માણસના વિચારો, વર્તન અને મૂલ્ય ઘડે છે. સારી નોકરી મેળવવા આવક વધારવા અને જીવનની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણ જરૂરી છે.
- શિક્ષકો અને વાલીઓ વચ્ચેનાં વ્યવહારમાં કયારેક ગેરસમજ, સંચારની અછત, અપેક્ષાઓનો તફાવત અથવા બાળકના અભ્યાસ અને વર્તન વિશેની વિચારોમાં મતભેદ જેવી સમસ્યાઓ ઊભી થતી હોય છે.શિક્ષણ પ્રક્રિયામાં બાળક, વાલીઓ અને શિક્ષક - આ ત્રણે મુખ્ય સ્તંભો છે. જો આ ત્રણે વચ્ચે યોગ્ય સમન્વય અને સકારાત્મક વ્યવહાર ન હોય, તો બાળકના સર્વાંગી વિકાસમાં અવરોધ ઉભા થઈ શકે છે.

**વિષયના શબ્દોનું અર્થઘટન :**

શાળાના શિક્ષણ કાર્યમાં શિક્ષક અને વાલી બંનેનો મહત્વપૂર્ણ હિસ્સો હોય છે. બાળકના સર્વાંગી વિકાસ માટે બંને વચ્ચે સુમેળ ભર્યો સહકાર જરૂરી છે. આ સમસ્યાઓએ શિક્ષણ પ્રક્રિયાના બે મહત્વના સ્તંભો છે. શિક્ષક અને વાલી વચ્ચેના સંવાદ, સમજણ અને સહકારમાં આવતી ખામીઓ વિસંગતિઓનું પ્રતિબિંબ છે.

**સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યા :**

- ગુજરાતી માધ્યમના પુર્વ પ્રાથમિક વિભાગના બાળકો.
- **સમસ્યા ઓળખ :** આજના સમયમાં શિક્ષકો અને વાલીઓ વચ્ચે સમજૂતી અને અપેક્ષાઓના કારણે ઘણી સમસ્યા ઊભી થાય છે.
- નારાયણ વિદ્યાલયના ગુજરાતી માધ્યમના પૂર્વ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ.